## માનનીય જનકભાઈની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં આજ રોજ હાથ ધરાનાર વર્ષ 2024-25ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહનો આભાર માની મારી વાત ગૃહ સમક્ષ રાખી રહ્યો છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ અંગે બોલવા ઊભો થયો છું ત્યારે મારે કહેવું છે કે આ ધરતી આપણી મા છે અને એનું યોગ્ય રીતે સિંચન અને કરવામાં આવે તો એ આપણને ઢગલામોઢે ધનધાન્ય આપીને સુખી કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે. વળી, દેશની મોટા ભાગની વસતિ ગામડાંઓમાં રહે છે. એટલે ખેતી થકી જ ગામડાઓનો સારી રીતે વિકાસ કરી શકાય. અને આપણો દેશ મોસમી પવનોનો પ્રદેશ હોવાથી આપણે ત્યાં ચોમાસાના વરસાદ આધારિત મોટાભાગની ખેતી થાય છે. માનનીય અધ્યક્ષ!

**માનનીય અધ્યક્ષશ્રી,**

વરસાદ આધારિત ખેતી વાળા આપણાં ગુજરાતમાં મોટી અને બારમાસી નદીઓનો પણ અભાવ છે. એટલે પાણીનો યોગ્ય અને આયોજનપૂર્વકનો ઉપયોગ કરીને જ આપણે ખેતી કરી શકીએ છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકારના જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ગુજરાતમાં જળ અને અન્નની સમસ્યાનો ઉકેલ લાવવા મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના એટલે સુજલામ્ સુફલામ્ યોજના.

આ.અધ્યક્ષશ્રી

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજયના સૂકી ધરતી અને સૂકા પેટાળવાળા આઠ જિલ્લાઓની સમસ્યાઓના નિરાકરણ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજનામાં 1207 કરોડના ખર્ચે રાજયના 8 જીલ્લાના 32તાલુકાનાં 459 ગામોમાં 374 તળાવો ભરી 172000 એકર વિસ્તારમાં પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઇનો લાભ આપવામાં આવી રહ્યો છે. વળી દર 4વર્ષે ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળ 3 થી 4 મીટર નીચા જતાં હતાં એ અટકી ગયા છે.

આ.અધ્યક્ષશ્રી

**માનનીય અધ્યક્ષશ્રી,**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સપનું છે કે દેશના દરેક ખેડૂતની આવક બમણી થાય, વળી, ગુજરાત રાજ્યના મૃદુ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ ગુજરાતના ખેડૂતોની વિશેષ ચિંતા કરીને ખેડૂતોની આવક બમણી થાય તે માટે ખૂબ જ પ્રયાસો કરી રહ્યા છે. રાજ્યનો કૃષિ વિભાગ ખેડૂતોની આવક બમણી થાય તે માટે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ ચલાવી રહ્યો છે.

મા.રાઘવજી

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમરેલી જિલ્લાના મારા મત વિસ્તારની વાત કરું તો બાબરા વિસ્તારના કેટલાક ગામોને આ યોજનાનો લાભ મળ્યો છે. તેમજ મારા મત વિસ્તાર લાઠીમાં સૌની યોજનાની નવી પાઇપલાઈનથી ભાલવાવ, ધામેલ, ધામેલપરા અને હજીરાદાર કુલ ચાર ગામોને જોડવાનું આયોજન છે. ત્યારે, મને વિશ્વાસ છે કે, બાકી રહી ગયેલ આ વિસ્તારને પણ ઝડપથી આ યોજનામાં આવરી લેવાનું કામ હાથ ધરવામાં આવશે. તે માટે પણ હું મા.મુખ્યમંત્રીશ્રી તેમજ મા.મંત્રીશ્રીનો. ખૂબ આભાર વ્યક્ત કરું.

**માનનીય અધ્યક્ષશ્રી**

સૌની યોજના દ્વારા નર્મદાના પૂરના વધારાના 1 મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રનાં 11 જિલ્લાઓના 115 જળાશયો ભરીને આશરે 970 કરતા વધું ગામોના 8,24,872 એકર વિસ્તારને પીવાનું પાણી તથા સિંચાઈની સુવિધા મળે એ માટે 18563 કરોડ રૂપિયાના ખર્ચે યોજનાં અમલમાં મુકવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બાબરા અને લાઠી તાલુકામાં ચેકડેમ રીપેરીંગ, જંગલ કટિંગ તથા જળ સંચય પ્રવૃત્તિને વેગ મળે તે માટે 165 લાખના ખર્ચે નાનામોટા 57 કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવ્યા છે. નવા કામો માટે પણ આગામી વર્ષ માટે 20 કરોડ કરતાં વધું રકમના કામો કરવાનું આયોજન હાથ ધરાયું છે. જે બદલ હું માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારા મતવિસ્તારમાં અમરેલી જીલ્લામાં સૌની યોજના દ્વારા કુલ ૯ જળાશયો ભરવાનુ આયોજન છે. તે પૈકી ૭ જળાશયો ભરવાની કામગીરી પુર્ણ થયેલ છે. અને ૨ જળાશયો ભરવા માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. તથા ૪૬ તળાવો અને ૨૩૭ ચેકડેમો ભરવાનું આયોજન છે. તે પૈકી અમરેલી જીલ્લા વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૩૨ તળાવો અને ૧૫૫ ચેકડેમો ભરવામાં આવેલ છે. અને મારા લાઠી/બાબરા વિસ્તારમાં ૨૧ તળાવો, ૧૬૩ ચેકડેમોમાં ૯૯૮ મિલીયન ઘનફુટ જથ્થો આપી સિંચાઈ તથા પીવાના પાણી નો લાભ મળેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારા મતવિસ્તારમાં લાઠી તાલુકામાં કુલ ૪૧૬ ચેકડેમો આવેલા છે જેની સંગ્રહશક્તિ ૧૨૦ મિલીયન ઘનફુટ છે. જેનાથી આશરે ૪૧૬૦ હેક્ટર વિસ્તારને સિચાઈનો આડકતરો લાભ થાય છે. તેમજ બાબરા તાલુકામાં કુલ ૨૩૪ ચેકડેમો આવેલા છે જેની સંગ્રહશક્તિ ૬૦

મિલીયન ઘનફુટ છે. જેનાથી આશરે ૪૧૬૦ હેક્ટર વિસ્તારને સિચાઈનો આડકતરો લાભ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારા મતવિસ્તારમાં લાઠી તાલુકાના હીરાણા, નારણગઢ, ઘ્રુફણીયા,કાચરડી, માં નવા પાંચ ચેકડેમો બનાવવાનું તથા બાબરા તાલુકામાં કરીયણા–૧, ઉટવડ–૨, ચરખા–૧, સુખપર–૨, લાલકા–૧, પાનસડા–૨, મીયાખીજડિયા–૧, નવાલીયા-૧ માં નવા ટોટલ - ૧૧ ચેકડેમો બનાવવા પ્રાથમિક મંજૂરી મળેલ છે. તથા આ સમગ્ર કામગીરીથી આશરે ૧૧૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો આડકતરો લાભ થશે. જે બદલ હું માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

તેમજ મારા મત ~~વિસ્તાર~~ના વિસ્તાર લાઠી-બાબરાના ખેડુતો વતી

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારા મતવિસ્તારમાં લાઠી તાલુકાનામાંથી પસાર થતી ગાગડીયા નદીને પહોળી તથા ઉંડી ઉતારવા ની તેમજ નવા ચેકડેમો બનાવવા, ચેકડેમો રીપેરીંગ કરવાની કામગીરી માટે સરકારશ્રી દ્વારા રુ. ૨૦ કરોડની સૈધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. જે બદલ હું ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી તેમજ માન. મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જે કામ હાલ પ્રગતિ તળે છે. જેનાથી લાઠી તલુકાના હરસુરપુર દેવળીયા, કેરીયા, લાઠી શહેર, અકાળા, દુધાળા, લુવારીયા,

કૃષ્ણગઢ, વગેરે ગામમાં ગાગડીયા નદીની સંગ્રહક્તિમાં વધારો થવાથી ભુગર્ભજળના લેવલ ઉંચા આવવથી સિચાઈનો પરોક્ષ લાભ થશે તેમજ આજુબાજુની ખારાશવાળી જમીનમાં ખારાશ ઘટવાથી પીવાના પાણીની ગુણવત્તામા સુધારો થશે.

**માનનીય અદયક્ષશ્રી,**

માન. મુખ્યમંત્રીશ્રીએ તા. ૧૬ નવેમ્બરના રોજ જળઉત્સવનો પ્રારંભ પણ મારા મતવિસ્તાર લાઠી તાલુકામાં જ કર્યો હતો. જે માટે હું માન. મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું.

**માનનીય અદયક્ષશ્રી,**

જળ અને જમીનની જાળવણી કરવાનું કામ ગુજરાત સરકારે જે રીતે કર્યું છે, એ કાબિલે તારીફ છે. જેનો પાયો આદરણીય મોદીસાહેબ જયારે ગુજરાતનાં મુખ્યમંત્રી હતા ત્યારે નખાયો હતો. એ માટે હું ગુજરાતની પ્રજા વતી આદરણીય મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર માની એમને અભિનંદન પાઠવું છું.

તથા 2024-25 ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓને મારું સમર્થન જાહેર કરું છું.

**ધન્યવાદ**

**જય જય ગરવી ગુજરાત**